# ૯૦મી જન્મજયંતી વિશેષાંક



ગમે તેવી કટોકટીમાં પોતાના જ્ઞાનધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે તેને વ્યર્થ જવા ન દેવું.

*—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન*

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ આગમની પર્યુપાસના રહિત જગતને આગમોપદેશપૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી તેને 'આ અમૂર્તિક આત્મા તે હું છું અને આ સમાનક્ષેત્રાવગાહી શરીરાદિક તે પર છે' એમ, તથા 'આ ઉપયોગ તે હું છું અને આ ઉપયોગમિશ્રિત મોહરાગદ્વેષાદિભાવો તે પર છે' એમ સ્વ–પરનું ભેદજ્ઞાન થતું નથી; તેમ જ તેને આગમોપદેશપૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી 'હું જ્ઞાનસ્વભાવી એક પરમાત્મા છું' એવું પરમાત્મજ્ઞાન પણ થતું નથી. ૭૭૮.

*(શ્રી પ્રવચનસાર, ગાથા–૨૩૩નો ભાવાર્થ)*

❀ "ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે (અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે), સુબોધ સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે; માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે), કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી." ૭૭૯.

*(શ્રી નિયમસાર, ગાથા–૬નો ઉદ્ધૃત શ્લોક, શ્રી વિદ્યાનંદસ્વામી)*

❀ હે દેવ ! આપ દયા કરીને મારા જન્મનો નાશ કરો, આ એક જ વાત મારે આપને કહેવાની છે. હું જન્મથી અતિશય બળેલો છું જેથી હું બહુ પ્રલાપ કરું છું. ૭૮૦.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ કરુણાષ્ટક, ગાથા–૬)*

❀ રોગથી પીડાયેલો, લાકડી, મુષ્ટિ આદિ વડે પ્રહાર કરાયેલો, દોરડા આદિથી બંધાયેલો, પોતાના આત્માનું સ્મરણ કરતાં દુઃખી થતો નથી. પોતાના આત્માના ચિંતનથી ક્ષુધા વડે, ઠંડી વડે, પવન વડે, તૃષા વડે, તાપ વડે, દુઃખી થાય નહિ. ૭૮૧.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય–૧૪, ગાથા–૧૫)*

❀ મિથ્યા વ નાશવંત ઇસ શરીરકે સાથ અપવિત્ર અનેક અનંતાનંત ભાવ મિથ્યાદૃષ્ટિ કિયા કરતા હૈ, ઉસ શરીરકો હી સત્ય જાનતા હૈ, મિથ્યાદૃષ્ટિ અપના બૂરા હી કરતા હૈ. ૭૮૨.

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૨૪૭)*

*

કહાન
સંવત-૨૩
વર્ષ-૬૦
અંક-૫
[૭૨૧]

વીર
સંવત
૨૫૨૯
સં. ૨૦૫૯
August
A.D. 2003




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગલ ઉદ્ગાર

❀ ગુરુદેવ કહે છે કે તું પરમાત્મા છો, પામર નથી. ગુરુદેવ બધાને ભગવાન જ કહેતા હતા. દ્રવ્ય કાંઈ પામર નથી, પૂર્ણ ભરેલું છે. તેથી પરમાત્મા જ છે. અને તે પરમાત્મામાંથી પરમાત્માપણું આવે છે. પામરતા છે એ તો પર્યાય અપેક્ષાએ છે. જે ભાવનાવાળો હોય તે એમ કહે કે પ્રભુ ! તમે અમને—પામરને પ્રભુ બનાવ્યો છતાં પણ, પોતામાં પ્રભુતા ભરી છે તેમાંથી પ્રભુતા આવે છે.

❀ ગુરુદેવે ઘણું કહ્યું છે. આત્માનું જ કરવાનું છે. શરીર ક્યાં આત્માનું છે ? રોગ-વેદના આત્મામાં નથી, તેનાથી જુદો આત્મા છે. હું જાણનારો છું, રોગ થાય તે મારામાં નથી. શરીર ઉપર રાગ છે એટલે તેમાં એકત્વબુદ્ધિએ જોડાઈ જવાય છે, પણ શાંતિ રાખવી. ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો કે હું જાણનારો, સદાય જુદો જ છું.

બહારના ઉદય આવે તે પોતાનું સ્વરૂપ નથી. તેમાં શાંતિ રાખવી. ગુરુદેવે કહ્યું તે તત્ત્વના વિચારો કરવા, આત્માનું સ્વરૂપ વિચારવું ને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા. હું જ્ઞાયક છું. રોગ જુદો ને હું જુદો. આકુળતા થાય, પણ હું તો આત્મા છું. આ રોગ મારું સ્વરૂપ નથી, એમ વિચારી શાંતિ રાખવી અને વારંવાર જ્ઞાયક આત્માને યાદ કરવો. રોગ તો શરીરમાં આવ્યા કરે, તે આત્મામાં આવતો નથી. તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. બધા ઉદય આવે, પણ આત્મા તો જુદો જ છે—આમ ગુરુદેવે કહ્યું તે વાક્યો યાદ કરવાં.

સનતકુમાર ચક્રવર્તીને પણ રોગ થયો હતો. તેઓ મુનિ થયા ને અંદર આત્મામાં લીન રહેતા હતા. દેવોએ કહ્યું કે રોગ મટાડી દઉં ? પોતાને લબ્ધિ હતી કે થૂંક ચોપડે

તો રોગ મટે, તો પણ તેમ ન કર્યું. રોગ તો ગમે તેને આવે. ઉદય તો ઉદયનું કામ કરે, હું તો જ્ઞાયક જાણનારો જુદો છું.

મુમુક્ષુ :—સત્સંગની ઈચ્છા રહે છે પણ બહાર જઈ શકાતું નથી, મૂંઝવણ થઈ જાય છે.

બહેનશ્રી :—ઘરમાં બેઠાં જે થાય તે કરવું. ઘરમાં બેઠાં બેઠાં પણ થઈ શકે છે. સત્‌સંગ કરવાની—સાંભળવાની ઈચ્છા થાય, પણ તે ન બને તો ઘરમાં બેઠાં પણ થાય છે—ભાવ સારા રાખી શકાય છે. વાંચન આદિ જે થાય તે કરવું. શરીર કામ ન કરે ત્યાં શું થાય ? ઘરમાં બેઠાં કરવું. દેવ-શાસ્ત્ર-ગુરુના સાન્નિધ્યમાં આવવાની ઈચ્છા થાય, પણ ન જવાય ત્યાં શું થાય ! અંદર આત્મામાં સારા વિચારો કરવા, મૂંઝાઈ જવાય તો વારંવાર વિચારો ફેરવવા, અને શાંતિ રાખવી.

❀ ગુરુદેવે દેશના આપી અને જ્ઞાયકના જે સંસ્કાર પડ્યા તે અંદરથી છૂટતા નથી. પોતાની ભાવના હોય અને તે તરફ પોતાની પરિણતિ જાતી હોય—તેને ઈચ્છતો હોય—તો તે પ્રગટ થયા વગર રહે નહિ. પોતે જ છે, કોઈ બીજો નથી. પરદ્રવ્યની ઈચ્છા હોય તો તે પોતાના હાથની વાત નથી, પણ આ તો સ્વદ્રવ્ય પોતે જ છે. પોતે જ સ્વદ્રવ્યને ઈચ્છતો હોય તો તે પ્રગટ થયા વગર રહે જ નહિ. એક શુભભાવ આવે તેનાં એવાં પુણ્ય બંધાય છે કે તેનાથી જે પર છે—બહાર છે એવા દેવ-શાસ્ત્ર-ગુરુ પણ મળી આવે છે, તો પછી અંતરની સાચી ભાવના હોય તો જ્ઞાયકદેવ કેમ મળી ન આવે ! !

સાચી ભાવના ફળ્યા વગર રહેતી જ નથી. લૌકિક ઈચ્છા હોય તે જુદી જ વાત છે, તે પાપની વાત છે. તે પ્રમાણે બહારમાં ન પણ મળે. શુભભાવમાં પણ પોતાનો અધિકાર તો નથી જ, તો પણ બહારમાં તેનું ફળ આવે જ છે, તો જ્ઞાયકની સાચી ભાવના ફળ્યા વગર કેમ રહે ?—ફળે જ.

❀ જ્ઞાની શુભરાગમાં જોડાય છે, ત્યારે પણ ભેદજ્ઞાન વર્તે છે. પોતાના પુરુષાર્થની નબળાઈને લઈને રાગમાં જોડાઈ જવાય છે, અર્થાત્ અંદર લીન નથી થવાતું એટલે શુભરાગમાં જોડાય છે. પણ તે શુભરાગ આવે છે તેની સાથે સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે, તેથી જ્ઞાયક જુદો રહે છે. જ્ઞાની શુભરાગમાં એવો તન્મય નથી થતો કે જ્ઞાયકને ભૂલી જાય. જ્ઞાયકપણે જુદો રહીને શુભરાગ આવે છે. આ શુભરાગ આવે છે, પણ હું તો જુદો જ છું. તે વિભાવ તરફનો ભાગ છે અને મારા જ્ઞાયકનો ભાગ—મારા સ્વઘરનો ભાગ—તેનાથી જુદો છે. આ શુભરાગ વિભાવનું ઘર છે, તે મારાથી જુદું છે—એમ જ્ઞાનીને બરાબર જ્ઞાન છે માટે રાગથી જુદો રહે છે,

એકત્વ થતો નથી ને આકુળ-વ્યાકુળ પણ થતો નથી. તેને બીજાં કરતાં ઉત્સાહ ઘણો દેખાય, પણ અંતરમાં જુદો જ રહે છે. તેમાં એવો એકત્વ અને તન્મય થતો નથી કે પોતાને ભૂલી જાય. જુદો રહે છે, છતાં હું જુદો-હું જુદો એમ ઘડીએ ઘડીએ વિકલ્પ નથી કરતો, પણ તેની ધારા જ જુદી વર્તે છે.

❀ આત્માનું જેને પ્રયોજન સાધવું છે તે અમુક જાતની મર્યાદા બહાર જાતો જ નથી. તેને વિભાવ પરિણતિ જોતી જ નથી. જેનું પ્રયોજન આત્મા સાધવો છે, જેને આત્માની લગની લાગી છે તે આત્માર્થી, તેને વિભાવ પરિણતિનું એકત્વપણું હજી છૂટ્યું નથી તો પણ, મર્યાદા બહાર જતો જ નથી. અને તો જ આત્માને સાધી શકે છે, આત્મા મળે છે. નહિ તો આત્મા ક્યાંથી મળે ? આત્માનું પ્રયોજન ન હોય તો તેને આત્મા ક્યાંથી મળે ? અમુક પાત્રતા તો હોવી જ જોઈએ. બધાએ વિચારો ફેરવીને શાંતિ રાખવી.

❀ મંદ કષાય અને આત્મશાંતિ વચ્ચેનો ભેદ પાડી શકે. જે સાચો આત્માર્થી હોય, જેને આત્મા ગ્રહણ કરવો છે તે ભેદ પકડી શકે છે. જો ભેદ ન પકડી શકે તો તેની દૃષ્ટિ બરાબર નથી. જે ભેદ પકડી શકતો નથી તે ખોટામાં કલ્પના કરે છે—મંદ કષાયમાં સંતોષ માને છે. પણ જેને ખરી લાગી હોય તેને મંદ કષાયમાં સંતોષ આવે નહિ. જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન આવે, અંદરમાંથી છૂટો પડેલો ભાસે નહિ અને અંતરમાંથી આકુળતા તૂટે નહિ ત્યાં સુધી સાચી શાંતિ આવતી નથી, છતાં જો મંદ કષાયમાં શાંતિ માની લે તો તેને યથાર્થ જિજ્ઞાસા જ નથી. જેને સાચી જિજ્ઞાસા હોય તે ક્યાંય ભૂલ ખાતો નથી અને અટકતો નથી. તેને મંદ કષાયમાં સંતોષ આવતો જ નથી. મને હજી કાંઈ થયું જ નથી તેમ તેને લાગે. અંદરમાંથી જુદી દશા ભાસવી જોઈએ તે ભાસી નથી—જુદી દશા આવી નથી—તેને સંતોષ આવે જ નહિ. જો સંતોષ આવી જાય અને થોડામાં ઘણું માની લે તો તેને પુરુષાર્થની મર્યાદા આવી જાય છે. સાચા આત્માર્થીને પુરુષાર્થની મર્યાદા આવે જ નહિ. તેને એમ થાય કે હજી અંદરમાં કરવાનું બાકી છે, હજી અંતરમાંથી શાંતિનો પલટો આવવો જોઈએ તે આવ્યો જ નથી. ભલે મંદ કષાય હોય, પણ અંદર કાંઈ ભાસતું જ નથી. શાંતિ લાગે છે, પણ આત્માનું કોઈ જુદું સ્વરૂપ ભાસ્યું નથી. આમ સાચો આત્માર્થી હોય તે સંતોષ માને જ નહિ.

મુમુક્ષુ :—જેને અનુભવ થયો તે ભેદ પાડી શકે; પણ જેને અનુભવ થયો નથી તે છેતરાઈ ન જાય ? તેને તો એમ થાય કે સાક્ષાત્ અનુભવ થયો છે.

બહેનશ્રી :—સાચો જિજ્ઞાસુ હોય તેને મંદ કષાયની શાંતિ હોય તો પણ અંદર

સંતોષ ન આવે. અંદરમાંથી જે આકુળતા છૂટવી જોઈએ તે છૂટી નથી ને અંદરમાં કાંઈ ભાસતું નથી. તેથી સાચો આત્માર્થી હોય તે છેતરાય નહીં. તેને તો મારી હજી કાંઈ ભૂલ થાય છે તેમ થયા કરે. મુક્તિના માર્ગની જે વાત આચાર્યો, મહાપુરુષો, જ્ઞાનીઓ, તથા ગુરુદેવ કરે છે અને શાસ્ત્રમાં આવે છે એવી જાતનું અંદરમાં લાગતું નથી. તેથી તેને સંતોષ ન આવે. પોતાને અનુભવ નથી, પણ શાસ્ત્રમાં વાંચ્યું હોય ને ગુરુ પાસે સ્વાનુભૂતિની અને ભેદજ્ઞાનની બધી વાતો સાંભળી હોય તે ઉપરથી અંતરમાંથી તેવી જાતનો ઉલ્લાસ કે શાંતિ નથી અથવા તો માર્ગ આ જ છે તેવી જાતનો જોરદાર નિર્ણય આવવો જોઈએ તે આવતો નથી માટે મારી કાંઈક ભૂલ છે એમ ભેદ પાડી શકે છે—સાચો જિજ્ઞાસુ—આત્માર્થી હોય તે થોડા પુરુષાર્થમાં અટકી ન જાય. તેને એમ થાય કે મંદ કષાયમાં અટકી જવાથી મારી ભૂલ થાય છે, તેને ખટક રહ્યા જ કરે છે, એટલે તે અટકે જ નહીં, બાકી જેને થોડામાં માની લેવું હોય અથવા મેં ઝટ કરી લીધું ને હવે મને થઈ ગયું એવી કલ્પના કરવી હોય તે સંતોષાઈ જાય છે. જે ખરો શોધક છે કે મારે આત્માનું જ કરવું છે, આત્માનું જ પ્રયોજન છે તે કોઈને દેખાડવા માટે કે કોઈને ખોટી રીતે મનાવવા માટે કરતો નથી. મારે મારા આત્માને ખાતર કરવાનું છે, આ અનંતકાળનું પરિભ્રમણ કેમ ટળે ? અંદરમાંથી સુખ કેમ આવે અને આ દુઃખ કેમ ટળે ? અનુપમ આત્મા કેમ મળે ? તેમ ખરી ખટક લાગી હોય તે સંતોષાતો નથી. પરંતુ જેને મારે બહારમાં કાંઈક કરી બતાવવું છે એવો હેતુ અંદર હોય તે સંતોષાઈ જાય છે. આકુળતા હોય ને જલદી પુરુષાર્થ કરી લઉં એવી બધી અધીરજ હોય તે સંતોષાઈ જાય છે. છેતરાઈ જવાના ઘણા રસ્તા છે. જિજ્ઞાસા થયા પછી કેમેય કરીને થતું ન હોય અને થોડો પુરુષાર્થ કરીને મને થઈ ગયું એવી કલ્પના કરે તો તે કાંઈ માર્ગ નથી.

મંદ કષાયમાં તેને શાંતિ—શાંતિ લાગે, પણ એકત્વબુદ્ધિ તૂટી નથી, અંદરમાંથી જે જુદું ભાસ્યમાન થવું જોઈએ તે થતું નથી, ને જ્ઞાયક હાથમાં આવ્યો નથી તો તેના તરફ જવા માટે યથાર્થ રસ્તો મળ્યો નથી. વિકલ્પ મંદ થઈ જાય એટલે જાણે વિકલ્પ છૂટી ગયા તેવું લાગે પણ અંદર સૂક્ષ્મતાથી જુએ તો વિકલ્પ મંદ પડ્યા હોય છે, તેનાથી છૂટેલો હોતો નથી. આત્માના અસ્તિત્વના ગ્રહણપૂર્વક શાંતિ પ્રગટ થાય, તે તો પ્રગટી નથી અને તેની સાથે જે વિકલ્પ છૂટવા જોઈએ તે તો કાંઈ છૂટ્યા નથી, તેથી તેના હાથમાં માર્ગ આવ્યો નથી.

સાચો આત્માર્થી હોય તે સંતોષાઈ જાય નહીં. કેમકે અંદર આત્મા ભાસ્યમાન થઈને આ આત્મા અને આ મારું સ્વરૂપ એમ આવવું જોઈએ તે આવતું નથી માટે

તે સંતોષ પામે નહીં, અટકે નહીં. આ કોઈને દેખાડવાનો માર્ગ નથી એમ તેને અંતરમાંથી આવવું જોઈએ. આત્માર્થીની દૃષ્ટિ અંદર જ ફર્યા કરે છે, આ તો મારા માટે છે, આ ક્યાં કોઈના માટે છે? અને જો હું રોકાઈ જાઉં તો જન્મ–મરણ ઊભાં જ છે–આમ તે ભવભીરુ છે.

❀ પોતે પુરુષાર્થ કરીને કરે તો રુચિ વૃદ્ધિગત થાય. પોતાને કરવાનું રહે છે. તેને બીજે ક્યાંય વિશ્રાંતિ કે શાંતિ લાગે નહિ તો આત્મા તરફ વળ્યા વિના રહે નહિ. અશુભ ભાવમાં તો વિશ્રાંતિ નથી, પણ શુભભાવોમાં પણ વિશ્રાંતિ નથી, તે આકુળતારૂપ છે એમ ક્યાંય વિશ્રાંતિ ન લાગે તો વિશ્રામસ્થાન આત્મા છે તેના તરફ વળ્યા વગર રહે નહિ. પણ તે ચારેકોર બહારમાં અટકી જાય છે, એટલે અંદર જતાં તેને મુશ્કેલી પડે છે.

મુમુક્ષુ :—અનુભવ પહેલાં અંતરમાં બલાત્કારે જવાતું હશે કે સહજપણે જવાય છે?

બહેનશ્રી :—અંતરમાં બલાત્કારે જવાતું નથી. જ્ઞાનીની સહજદશા છે તેની વાત તો જુદી છે, છતાં જિજ્ઞાસુ પણ કાંઈ પરાણે અંતરમાં જતો નથી. અંદર પોતાને રુચે છે–ગમે છે એટલે જાય છે, તેને પરાણે નથી કરવું પડતું. જિજ્ઞાસુને બહારમાં ક્યાંય રુચતું નથી એટલે પોતે પોતાના ચૈતન્યને શોધ્યા વગર રહેતો જ નથી અર્થાત્ એના આશ્રયભૂત જે ચૈતન્યની ભૂમિ છે તેને ગોત્યા વગર રહેતો જ નથી. ચૈતન્યની ભૂમિમાં જાઉં તો શાંતિ મળશે એવો વિશ્વાસ છે એટલે પરાણે–પરાણે કરવું પડે તેમ નથી, પરંતુ પોતાની રુચિ જ પોતાને તે તરફ લઈ જાય છે.

❀ શુભભાવમાં અજ્ઞાનીને શાંતિ લાગે એટલે તેમાં રોકાઈ જાય છે, પણ તે વાસ્તવિક શાંતિ છે જ નહિ. અંદર સૂક્ષ્મતાથી વિચાર કરે તો એક પછી એક વિકલ્પની ઘટમાળ ચાલે છે તેમાં અશાંતિ છે, સુખ નથી. સુખ તેનું નામ કે જે સહજપણે અંતરમાંથી પ્રગટ્યા જ કરે. તે કાંઈ કૃત્રિમપણે લાવવું ન પડે, પણ અંદર સહજ તત્ત્વમાં છે તેમાંથી આવ્યા જ કરે. જેમ બરફમાંથી ઠંડક તેની મેળાએ આવ્યા જ કરે છે તેમ પોતામાંથી શાંતિ–આનંદ આવ્યા જ કરે છે, લાવવા પડતા નથી.

મુમુક્ષુ :—બરફને અડીએ તો ઠંડક અનુભવમાં આવી જાય છે. આમાં આનંદ ભર્યો છે તે આનંદની ચખણી અનુભવ પહેલાં કઈ રીતે આવે?

બહેનશ્રી :—જ્ઞાન દ્વારા પહેલાં નક્કી કરે. પહેલાં સ્વાનુભવ હોતો નથી. પહેલાં આગમ, યુક્તિ અને પરીક્ષા કરી લક્ષણ ઓળખીને નક્કી કરે. પોતે લક્ષણ–યુક્તિથી

નક્કી કરી આગળ જાય છે. પહેલાં અનુભવમાં ક્યાંથી આવે ? (ન આવે).

મુમુક્ષુ :—અનુભવ પહેલાં પણ પાકો નિર્ણય થઈ જાય કે આ જ મારું ઉપાદેય તત્ત્વ છે ?

બહેનશ્રી :—આ જ મારું ઉપાદેય તત્ત્વ છે. તેમાં આનંદ છે, અનંત શક્તિ ભરેલી છે અર્થાત્ તેમાં વિભૂતિ ભરેલી છે—તેમ પહેલાં પાકો નિર્ણય થઈ જાય. ભલે અનુભવ નથી તો પણ પ્રથમ નિર્ણય થાય છે.

❀ મુનિરાજ વારંવાર અંદર સ્વરૂપમાં આનંદ કરતા હોય છે. તેઓ જંગલમાં વસતા હોય છે છતાં જંગલ સંબંધી કાંઈ લક્ષ હોતું નથી, એક આત્માને જ દેખે છે. છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલનારા અને અંતર્મુહૂર્તે અંદર સ્વરૂપમાં જનારા મુનિરાજ એકલા ચૈતન્યમય જ છે. ચૈતન્યમાં જ નિવાસ કરનારા એવા તેમને આહારનું કે બહારનું કાંઈ લક્ષ જ નથી. તેમ જ શરીર તરફનું પણ કાંઈ લક્ષ નથી. એક ચૈતન્યમય જ તેઓ બની ગયા છે. એક કેવળજ્ઞાન નથી થયું એટલું જ છે, બાકી ચૈતન્યમય જ થઈ ગયા છે. નિદ્રા પણ અલ્પ થઈ ગઈ છે. તેમનું જીવન નિરંતર ચૈતન્યમય જ થઈ ગયું છે. જેમ ભગવાન સદા જાગૃત છે તેમ મુનિરાજને જાગૃતમય દશા થઈ ગઈ છે. જાગૃત રહેતાં રહેતાં, અર્થાત્ ચૈતન્યમય રહેતાં રહેતાં શ્રેણી માંડીને શાશ્વત એવી કેવળજ્ઞાનદશા પ્રાપ્ત કરે છે. પછી ચૈતન્યમાંથી બહાર આવતા જ નથી. મુનિદશામાં બહાર આવે અને અંદર જાય, છતાં જીવન ચૈતન્યમય જ છે, તેમનો ચૈતન્યમાં જ નિવાસ છે, તે જ રહેઠાણ છે. આસન પણ તે છે ને ભોજન પણ તે છે.—બધું એક આત્મામય જ છે. તેમને બહારના ભોજનની પણ પડી નથી, અને તેથી કેટલા નિયમ સહિત બહાર ભોજન લેવા જાય છે ! કે આવી રીતે ભોજન મળે તો લેવું, નહિ તો ભોજન ન લેવું. આમ ભોજન તરફ લક્ષ નથી. તથા ઉપસર્ગ-પરીષહ આવતાં શરીરને ગમે તે થાય તો પણ તેનું ધ્યાન જ નથી. આવી મુનિરાજની અલૌકિક દશા છે. બહારની ક્રિયાનો વિકલ્પ—શુભભાવ આવે, બાકી એકલું આત્મામય જ જીવન છે.

❀ અંદરસે શ્રદ્ધા કરના કિ મૈં રાગસે ભિન્ન હૂં. રાગસે એકત્વબુદ્ધિ ચલ રહી હૈ ઉનકો તોડના, તોડનેકા અભ્યાસ કરના. પીછે ઉનકો રટના નહીં પડતા. એકત્વબુદ્ધિ હો રહી હૈ કિ મૈં શરીર હૂં, મૈં વિકલ્પ હૂં. ઐસી એકત્વબુદ્ધિ નિરંતર ચલતી હૈ ઉનકો તોડનેકા અભ્યાસ કરના.

મુમુક્ષુ :—એકત્વબુદ્ધિ તોડનેકા અભ્યાસ કરનેકે લિયે મુખ્ય માર્ગ ક્યા હૈ ?

બહેનશ્રી :—આત્માકી રુચિ-મહિમા કરના, સ્વભાવકી મહિમા લગે, બહાર

સુખચૈન ન લગે ઔર અંદર હી ચૈન પડે વહ માર્ગ હૈ. મૈં ચૈતન્યકો કૈસે પીછાનું, ઉસકી મહિમા કૈસે હો ઐસે વારંવાર સ્વભાવકો પીછાનના. જૈસે બાહરમેં વસ્તુ દેખનેમેં આતી હૈ વૈસે મૈં ચૈતન્યકો કૈસે પીછાનું, ઐસે કરકે ચૈતન્યકો પીછાનનેકા વારંવાર અભ્યાસ કરના. અનાદિસે એકત્વબુદ્ધિ ચલ રહી હૈ. ખાતે-પીતે ભી એકત્વબુદ્ધિ રહતી હૈ કિંતુ તબ ભી ભિન્ન કરનેકા અભ્યાસ કરના. ચૈતન્યકી મહિમા લગે તો યહ અભ્યાસ હોવે. જૈસે બને ઐસે યહ અભ્યાસ કરના.

❀ પહલે તો યથાર્થ જ્ઞાન કરના કિ જ્ઞાયક કૈસા હૈ ? દ્રવ્ય કૈસા હૈ ? ગુણ કૈસા હૈ ? પર્યાય કૈસી હૈ ? યહ વર્ણ-ગંધ-સ્પર્શ હૈ, વહ પુદ્‌ગલ દ્રવ્ય હૈ, યે અલગ હૈ ઔર મૈં ચૈતન્યદ્રવ્ય અલગ હૂં, ઐસે પહલે યથાર્થ જ્ઞાન કરના, પીછે યથાર્થ ધ્યાન હોતા હૈ. મૈં ચૈતન્ય હૂં. ઉસકા અસ્તિત્વ ગ્રહણ કરનેકે બાદ ધ્યાન હોતા હૈ. યથાર્થ જ્ઞાન હુએ બિના યથાર્થ ધ્યાન હોતા હી નહીં. પહલે યથાર્થ જ્ઞાન કરના. જો ગુરુદેવને માર્ગ બતાયા હૈ ઉસકા યથાર્થ જ્ઞાન કરના. કૈસા મુક્તિકા માર્ગ હૈ ? કૈસે વહ મિલતા હૈ ? કૈસા સ્વભાવ હૈ ? કૈસે મૈં નિર્મલ હૂં ? યે વિભાવ ક્યા હૈ ? મોક્ષસ્વરૂપ આત્મા કૈસા હૈ ? યહ સબ પહલે પીછાન કરકે પીછે ધ્યાન કરના, તો ધ્યાન યથાર્થ જમતા હૈ. જ્ઞાન વિના ધ્યાન જમતા નહીં હૈ.

❀ અનાદિકાલસે ભ્રમ હો રહા હૈ ઇસલિયે યે સબ પુદ્‌ગલકા પરિણમન સ્વયં હી હો રહા હૈ વહ જ્ઞાનમેં કૈસે આવે ? અનાદિસે સંકલ્પ-વિકલ્પપૂર્વક યે સબમેં એકત્વબુદ્ધિ હો રહી હૈ તો યથાર્થ બાત કહાંસે બૈઠે ? અબ યથાર્થ સમજણ કરકે બિઠાના. યે સબ પુદ્‌ગલકા પરિણમન હૈ, મૈં ચૈતન્ય હૂં. યે શરીરકા ઔર બાહરકા જો ભી પરિણમન હૈ વહ પુદ્‌ગલકા હૈ. રોગ આતા હૈ વહ ભી પુદ્‌ગલકા પરિણમન હૈ, વહ આત્માકા પરિણમન નહીં. ઐસે યથાર્થ શ્રદ્ધા કરકે બાતકો બિઠાના. અનાદિકા અભ્યાસ હૈ ઔર એકત્વબુદ્ધિ ઐસી જોરદાર હો રહી હૈ, કિ બાત નહીં બૈઠતી. વારંવાર અભ્યાસ કરે, તભી યથાર્થ બાત બૈઠતી હૈ.

❀ અજ્ઞાનીકો યથાર્થ જ્ઞાન નહીં હૈ ઔર બુદ્ધિકા ભ્રમ હો ગયા હૈ ઇસલિયે દુઃખ મહેસૂસ નહીં હોતા. નહીં તો ઇન્દ્રિયસુખ આકુલતારૂપ હૈ. ઇન્દ્રિય સુખવાલે આકુલતામેં પડે હૈં. ઉસમેં આકુલતા-દુઃખ હૈ. લેકિન બુદ્ધિકા ભ્રમ હૈ. ઇસસે કલ્પનાસે સબ પદાર્થમેં સુખ માન લિયા હૈ. ભીતરમેં વિચાર કરે તો વહ દુઃખરૂપ, આકુલતારૂપ હૈ. સ્વભાવસે વિપરીત સબ વિભાવદશા દુઃખરૂપ હૈ, ઉસમેં આકુલતાકા વેદન હૈ, કલ્પનાસે ઉસમેં સુખ હૈ ઐસા લગતા હૈ, લેકિન વિચાર કરે તો દુઃખ હૈ.

કભી ઐસા લગતા હૈ કિ ઈસમેં સુખ હૈ કિન્તુ સહીમેં વહ સબ દુઃખરૂપ હૈ. દેવલોકમેં સુખ હૈ ઔર નરકમેં દુઃખ હૈ ઐસા દિખનેમેં આતા હૈ. કિંતુ દેવલોકમેં ભી અંતરમેં તો આકુલતા હૈ, ઔર આકુલતા હી દુઃખ હૈ. મૂળ દુઃખ તો આકુલતાકા હૈ. દેવોંકો જો ભીતરમેં સંકલ્પ-વિકલ્પ હૈ વહ સબ આકુલતા—દુઃખ હૈ, સ્વાધીન સુખ ઈસકા નામ હૈ કિ જિસમેં પર પદાર્થકે આશ્રયકી જરૂરત ન પડે. જો સ્વકે-ચૈતન્યકે આશ્રયસે પ્રગટ હોવે ઔર જો સ્વતઃસિદ્ધ પ્રગટ હોવે, વહ સચ્ચા સુખ હૈ. સુખ તો આત્માકા સ્વભાવ હૈ. જિસમેં પર પદાર્થકી, ઈન્દ્રિયોંકી જરૂરત પડે ઔર પરકે આશ્રયકી જરૂરત પડે વહ સુખ હી નહીં. જો પરાધીનતા હૈ વહ સુખ નહીં, દુઃખ હૈ. ''પરાધીન સ્વપ્ને સુખ નહીં'' ગુરુદેવ કહતે હૈં કિ જો ચૈતન્યકે આશ્રયસે પ્રગટ હોતા હૈ વહ સ્વાધીન સુખ હી યથાર્થ સુખ હૈ.

❀ કષાય અને જ્ઞાનની ભિન્નતા તે બંનેનો સ્વભાવ ઓળખવાથી થાય છે. કષાયનો અને જ્ઞાનનો સ્વભાવ જુદો છે. કષાય છે તે આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, ક્લેશરૂપ છે, તે શાંતિરૂપ નથી પણ અશાંતિરૂપ છે. જ્યારે જ્ઞાન છે તે શાંતિરૂપ છે, નિરાકુળ છે, જાણનાર છે. આમ બંનેનાં લક્ષણ ભિન્ન જાણવાથી કષાયથી જુદા પડાય છે. આત્મા જાણનારો જ્ઞાયક છે અને કષાય અશાંતિ, ક્લેશરૂપ છે. આ રીતે બંનેના સ્વભાવ જુદા છે. તેમાં જે જ્ઞાનસ્વભાવ છે તે હું છું, આ કષાયો હું નથી. તે મારો સ્વભાવ નથી, એમ જાણીને જ્ઞાયકને ગ્રહણ કરવો અને કષાયથી જુદાં પડવું એટલે કે ભેદજ્ઞાન કરીને જ્ઞાયકને ગ્રહણ કરવો અને જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરી, તેનું જ્ઞાન કરી કષાયથી જુદા પડવું. તે ન થાય ત્યાં સુધી વારંવાર ન્યારો થવાનો પ્રયત્ન કરે, કષાયથી પાછો વળે, જ્ઞાનની મહિમા આવે ને જ્ઞાનને ઓળખે તો ભેદજ્ઞાન થાય, જ્ઞાનસ્વભાવ ઓળખ્યા વિના ભેદજ્ઞાન થઈ શકતું નથી.

મુમુક્ષુ :—જ્ઞાન અને કષાય એકમેક થઈ ગયા હોય તેવું લાગે છે ?

બહેનશ્રી :—તેઓ એકમેક લાગે છે પણ તેમના સ્વભાવ જુદા છે. અનાદિની એકત્વબુદ્ધિ છે. એટલે કષાય એકરૂપ લાગે છે, પરંતુ જ્ઞાનસ્વભાવ તેનાથી જુદો છે. જ્ઞાન જાણનાર છે અને કષાય દુઃખરૂપ છે, કાંઈ જાણતો નથી, કષાયને જ્ઞાન નથી માટે કષાયથી જાણનાર જુદો છે. આકુળતા થઈ, રાગ થયો, દ્વેષ થયો, વિકલ્પ થયો તેનો જાણનારો જુદો છે. વિકલ્પ—વિકલ્પને જાણતો નથી, રાગ—રાગને જાણતો નથી, પણ તેનો જાણનારો છે તે જુદું તત્ત્વ છે. આ રીતે જાણનારો જુદો છે અને કષાયભાવો કે જે જાણતા નથી તે જુદા છે.

❀ સમ્યગ્દર્શનનો વિષય શાશ્વત આત્મા, ટકતો ભાવ ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે. પર્યાયો તો બધી પલટાયા કરે છે. અંદર આત્માને ઓળખવો. શાશ્વત આત્માને ઓળખી; ભેદજ્ઞાનની ધારા એમ ને એમ ટકાવી; હું આ ચૈતન્ય છું, વિભાવ મારાથી જુદા છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, ક્ષયોપશમભાવ પણ અધૂરી પર્યાય છે, એમ નિર્ણય કરી એક પૂર્ણ શાશ્વત આત્મા–કે જે કાયમ ટકનારો છે–તેને ગ્રહણ કરવો. જ્ઞાન બધાનું થાય કે આ સ્વભાવ છે, આ વિભાવ છે પણ દૃષ્ટિ તો એક આત્મા ઉપર કરવી. ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે અંતરમાં પ્રગટ થાય અને જ્ઞાતાધારાની ઉગ્રતા થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય છે. સ્વાનુભૂતિ તે જ મુક્તિનો માર્ગ છે. અંતરમાં આત્માનો કોઈ અનુપમ સ્વભાવ છે. તેનું વેદન આવે અને સ્વાનુભૂતિ વધતી જાય, લીનતા વધતી જાય, તો ભૂમિકા પણ વધતી જાય છે. ખરું કરવાનું તો તે છે; પણ તે પહેલાં તત્ત્વવિચાર, શાસ્ત્ર-અભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે આવે છે અને તે એક આત્માને ઓળખવા માટે છે. આત્મા કેમ ગ્રહણ થાય ? એમ વારંવાર વારંવાર ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી જોઈએ. પહેલાં તે ભેદજ્ઞાન ભાવનારૂપ હોય, પછી તેની સહજ ધારા પ્રગટ થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પદશા પ્રગટ થવાનો પ્રસંગ આવે છે. જે ટકતો શાશ્વતો ભાવ છે તે જ હું છું. આમ અંતરમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી તે જ મુક્તિનો માર્ગ છે.

જીવે ઘણીવાર ક્રિયાઓ કરી છે, શુભભાવો કર્યા છે. તેનાથી પુણ્યબંધ થાય છે, દેવલોક મળે છે, પણ ભવનો અભાવ થતો નથી. વિકલ્પ તૂટીને અંતરમાં સ્વાનુભૂતિ થાય તો ભવનો અભાવ થાય અને તે મુક્તિનો માર્ગ છે. તેના માટે વર્તમાનમાં ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય તો સ્વાનુભૂતિનો પ્રસંગ આવે છે. જ્ઞાન આત્મામાંથી પ્રગટે, દર્શન આત્મામાંથી પ્રગટે અને ચારિત્ર પણ આત્મામાંથી પ્રગટ થાય છે માટે તેઓ આત્મસ્વભાવ છે; પણ શુભભાવ આત્માનો મૂળ સ્વભાવ નથી. તેથી દૃષ્ટિ તેને હેય માને છે. જ્યારે જ્ઞાન બધાને જાણે છે. વચ્ચે અધૂરી પર્યાય આવે, શુભભાવ આવે તેને જ્ઞાન જાણે છે. અને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે.

સ્વાનુભૂતિ વધી જાય તો તેને મુનિદશા આવે છે. મુનિદશામાં વારંવાર આત્મામાં લીનતા થાય છે. તેમ કરતાં કરતાં એટલી સ્થિરતા વધી જાય કે પૂર્ણ વીતરાગદશા અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અનાદિકાળથી હું પરનું કરી શકું છું એવી ભ્રમબુદ્ધિ છે, પરંતુ બીજાનું કરી શકતો નથી. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેમાં દ્રવ્ય–ગુણ તો શાશ્વત છે ને પર્યાય પલટે છે. તો તે પોતાની પર્યાયને પલટાવી શકે છે. અર્થાત્

વિભાવ પર્યાયમાંથી સ્વભાવ પર્યાય પ્રગટ કરી શકે છે, પણ બીજાનું તો કાંઈ પલટાવી શકતો નથી. માત્ર કર્તાબુદ્ધિ અજ્ઞાનતાથી કરે છે કે આ હું કરું છું. વિકલ્પ પણ પોતાનો સ્વભાવ નથી, છતાં અજ્ઞાનદશામાં તેમાં જોડાયા કરે છે. જો ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો સ્વસન્મુખ થાય અને સ્વાનુભૂતિ પ્રગટ થાય. ખરું તો એ કરવાનું છે. ગુરુદેવે માર્ગ બહુ સ્પષ્ટ કરીને બતાવ્યો છે. શાસ્ત્રોના બધા ઉકેલ ગુરુદેવે કરી દીધા છે.

❀ એક જ માર્ગ છે—તું સ્વભાવ તરફ જા. વારંવાર ભેદજ્ઞાન કરવાથી સહજદશા થાય છે ત્યારે વિકલ્પ તૂટીને ઉપયોગ અંતરમાં જામી જાય છે. તે એવો જામે છે કે બહારનું બધું જ ભૂલી જાય છે. આ શરીર છે કે નહિ, વિકલ્પ છે કે નહિ તે કાંઈ રહેતું નથી. તે તો જુદી જ દુનિયામાં પ્રવેશી ગયો, આત્માની કોઈ જુદી જ દુનિયામાં આવી ગયો. તેવી દશાને અનુભૂતિ કહેવાય છે. આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે, કોઈની સાથે તેની તુલના ન થાય. આવો જે મૂળ ટકતો ભાવ છે તેમાંથી પ્રગટ થતા આનંદ, જ્ઞાન આદિ સહજ ભાવોનો અનુભવ કોઈ જુદો જ થાય છે. અનુભવ થતાં આવું કોઈ દિવસ નહોતું થયું એવું તેને લાગે છે. અપૂર્વતા એવી લાગે કે અહો ! આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે. અનુભૂતિ અંતરમાં પ્રગટે ત્યારે આત્મામાં શ્રદ્ધાનું બળ કોઈ જુદું જ આવી જાય છે. આખી દિશા જ બદલી જાય છે.

❀ કુંદકુંદાચાર્યદેવ જાગ્યા અને આ સમયસારની રચના કરી. તેમનું આ એક સમયસાર બસ છે. તેમાં એક આત્મા-આત્માની જ વાત આવે છે. ગુરુદેવે તેના ભાવો સ્પષ્ટ કરીને મુક્તિના માર્ગને થંભાવી રાખ્યો. આ પંચમકાળના જીવો સમજે નહિ અને બીજા ધર્મમાં ખેંચાઈ જાય છે. પણ જૈનમાં બધું છે, જૈનમાં આખી યથાર્થ સ્વાનુભૂતિ ભરેલી છે.

કુંદકુંદાચાર્યદેવે સમયસારમાં કહ્યું કે બદ્ધસ્પૃષ્ટ ભાવો ઉપર તરે છે, તારી અંદર પ્રવેશ કરતા નથી. એક શાશ્વત આત્મા છે એ જ ભૂતાર્થ છે. સમયસારમાં સ્વાનુભૂતિની કેટલી મહિમા આવે છે ! પણ તેનો મર્મ ગુરુદેવે બહાર કાઢ્યો. સમયસારની અંદર હીરા પડ્યા છે, પણ તે હીરાને ઓળખાવનાર ગુરુદેવ હતા.

આત્મામાં અનંત ભાવ ભર્યા છે, તેની ચર્ચા કરતાં પાર ન પમાય. આત્મા એક, પણ તેના ભાવો અનંત, મુક્તિમાર્ગ પણ એક છે. ટૂંકમાં કહીએ તો એકમાં બધું આવી જાય છે ને વિસ્તાર કરો તો અનંત-અનંત-અનંત જેનો પાર ન આવે તેટલા ભાવો છે. શબ્દ સંખ્યાતા છે, પણ આત્માના ભાવો અનંત છે. શબ્દ અનંત થાય નહિ પણ ભાવો અનંત હોય.

દેવો સાગરોપમકાળ સુધી ચર્ચા કરે તેમાં અનંત ભાવો નીકળ્યા જ કરે. ચર્ચા કરતાં કરતાં તેમને તૃપ્તિ થતી નથી. સાગરોપમકાળ સુધી ચર્ચા કર્યા કરે તો પણ આત્માના અનંત ભાવો ખૂટતા જ નથી. ગુરુદેવ જ્યારે બોલે ત્યારે જુદા જ ભાવો કહેતા હોય એવું લાગે છે, તો ભગવાનની વાણીનું તો શું કહેવું !! આ ચૈતન્યદેવ અનંત ગુણરત્નાકરથી ભરેલો છે. જેના અનંત ગુણનો પાર ન આવે, તેવા ચૈતન્ય રત્નાકરદેવની તો શું વાત કરવી ! તે જગતથી જુદો છે, ને સ્વાનુભૂતિ થાય ત્યારે અનુભવમાં આવે.

❀ જ્ઞાનીકી અંતરંગ પરિણતિમેં ઐસા હોતા હૈ કિ જો જો પરિણામ આતે હૈં ઉસકા વહ જ્ઞાતા રહતા હૈ. ક્ષણ ક્ષણમેં જ્ઞાયકકો યાદ કરના નહિ પડતા. મગર મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં ઐસા સહજ હી રહતા હૈ. જૈસે અજ્ઞાનીકો સંકલ્પ-વિકલ્પ સહજ હોતા હૈ ઐસે જ્ઞાનીકો જ્ઞાતાધારા સહજ હો ગઈ હૈ. અજ્ઞાનદશામેં સંકલ્પ-વિકલ્પ, સંકલ્પ-વિકલ્પ આયા બિના રહતા નહીં, ઉસી તરહ જ્ઞાનીકો જ્ઞાતાધારા સહજ હો ગઈ હૈ કિ મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં. ઉસકો અંશરૂપ સમાધિ, શાંતિ, જ્ઞાતાધારા ચાલુ હૈ, ઈસલિયે કર્તાબુદ્ધિ છૂટ ગઈ હૈ. જો જો કાર્ય હોતા હૈ ઉસકા કરનેવાલા મૈં નહીં હૂં, મૈં તો જાનનેવાલા જ્ઞાતા હૂં. ઐસા સહજ પરિણમન જ્ઞાનીકો રહતા હૈ.

જો શરીરકી ક્રિયા હોતી હૈ વો પરદ્રવ્યકી હૈ, મેરી નહીં હૈ ઔર અસ્થિરતાસે અર્થાત્ પુરુષાર્થકી કમજોરીસે જો વિકલ્પ આતે હૈં, વહ મેરા સ્વભાવ નહીં હૈ, ઐસી જ્ઞાયકકી ધારા જ્ઞાનીકો સહજ રહતી હૈ. ક્ષણ-ક્ષણમેં ખાતે, પીતે, ચલતે, ફિરતે–સબ ક્રિયામેં જ્ઞાતાધારા ચાલુ હૈ. જ્ઞાયક...જ્ઞાયક....ઐસા સહજ વેદન રહતા હૈ. અજ્ઞાનીકો સંકલ્પ-વિકલ્પ સહજ રહતા હૈ, ઐસે જ્ઞાનીકો જ્ઞાતાધારા સહજ રહતી હૈ ઔર કભી કભી નિર્વિકલ્પદશા આ જાતી હૈ.

જ્ઞાનીકા ઉપયોગ નિરંતર સ્વાનુભૂતિમેં નહીં રહતા. જબ ઉપયોગ બાહર આતા હૈ તો દેવ-શાસ્ત્ર-ગુરુકી મહિમા, શાસ્ત્ર-સ્વાધ્યાય, પૂજા, ભક્તિ, શ્રુતકા ચિંતવન ઐસા શુભ વિકલ્પ આતા હૈ. જ્ઞાની જાનતા હૈ કિ જો યહ વિકલ્પ હૈ વો શુભભાવ હૈ, વો મૈં નહીં હૂં. મૈં તો ઉનકા જાનનેવાલા હૂં, ઐસા સહજ રહતા હૈ. જિનેન્દ્રદેવકી ભક્તિ આતી હૈ ઉસી સમય જ્ઞાતાધારા સહજ રહતી હૈ. ઈસલિયે ઉસમેં તન્મય-એકત્વ હોકર વહ ક્રિયા નહીં હોતી, સબ કાર્યોમેં ન્યારાપન રહતા હૈ.

શ્રી પદ્મનંદિ આચાર્યને ભક્તિ અધિકારમેં કિતને શ્લોક રચે હૈં? તો ભી પરિણતિ તો ન્યારી ન્યારી રહતી હૈ. ગુરુકી ભક્તિ, સેવા હોતી હૈ, લેકિન પરિણતિ

તો ઉસસે ભી ન્યારી હી હોતી હૈ. ક્યોંકિ ભીતરમેં જ્ઞાયકકી ધારા રહતી હૈ. ગૃહસ્થદશામેં લીનતા ઉગ્ર નહીં રહતી, પીછે લીનતા ઉગ્ર હો જાવે તો મુનિદશા આ જાતી હૈ. પુરુષાર્થ કમ હોતા હૈ તો લીનતા ભી કમ હોતી હૈ. લેકિન જ્ઞાયકકી ધારા તો ચાલુ હી હૈ. સમ્યગ્દર્શન હોતે હી સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ હુઆ, ઔર અનંતાનુબંધી કષાય છૂટ ગયા. સ્વરૂપાચરણ ચારિત્ર હુઆ તો અંશે શાંતિ, જ્ઞાતાધારા ઔર મુક્તિકા માર્ગ પ્રગટ હો ગયા.

❀ સમ્યગ્દર્શનકી ભૂમિકામેં માત્ર શ્રદ્ધારૂપ અનુભવ હોતા હૈ ઐસા નહીં. જ્ઞાયકકી જો ધારા ચલતી હૈ વહ શ્રદ્ધારૂપસે હી રહતી હૈ ઐસા નહીં, લેકિન અંશરૂપ વેદન આતા હૈ. જૈસા રાગ-દ્વેષકા વેદન સબ અજ્ઞાનીકો રહતા હૈ ઉસી પ્રકાર જ્ઞાયક ચૈતન્યકા વેદન જ્ઞાનીકો આતા હૈ. જૈનધર્મ સચ્ચા હૈ ઐસી વિકલ્પમેં શ્રદ્ધા કર લી ઐસા જ્ઞાનીકો નહીં હોતા, મૈં ચૈતન્ય હૂં ઐસા અંશરૂપસે વેદન આતા હૈ. જ્ઞાયકકો વહ ભૂલ નહીં જાતા, ચૈતન્ય જ્ઞાયકકા વેદન ઉનકો રહતા હૈ, પીછે કભી કભી વિકલ્પ તૂટ જાતા હૈ તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ. જ્ઞાનીકો ચૈતન્યકા પ્રત્યક્ષ વેદન હૈ. સમ્યગ્જ્ઞાન વેદનકી અપેક્ષાસે પ્રત્યક્ષ હૈ લેકિન પૂર્ણ કેવલજ્ઞાનકી અપેક્ષાસે પરોક્ષ હૈ. કેવલજ્ઞાનીકા જ્ઞાન પ્રત્યક્ષ હૈ, સમ્યગ્દષ્ટિકા જ્ઞાન પરોક્ષ હૈ; તો ભી વેદન તો પ્રત્યક્ષ હૈ. ચૈતન્યકા જૈસા સ્વરૂપ હૈ વૈસા અનંતગુણકી સબ શુદ્ધપર્યાયકા અપૂર્વ વેદન હોતા હૈ. જો અનંતકાલમેં આજ તક નહીં હુઆ ઐસા અનુપમ વેદન ચૈતન્યકા-આનંદકા હોતા હૈ. યહ આનંદકા જગતકે કોઈ પદાર્થકે સાથ મિલાન નહીં હો સકતા. ઐસા ચૈતન્યકા આનંદકા અનુપમ સ્વાદ આતા હૈ. આત્મામેંસે પ્રગટ હુઆ જ્ઞાન, શુદ્ધરૂપ અનંત પર્યાય-પરિણતિ યહ સબ વેદનમેં આતા હૈ ઔર જબ વિકલ્પ આતા હૈ તબ ભેદજ્ઞાનકી ધારા, જ્ઞાયકકી ધારા તો હોતી હી હૈ.

જ્ઞાયકકી અંશરૂપ સમાધિ, સુખ ઔર અંશરૂપસે વેદન વિકલ્પકે સાથમેં ભી રહતા હૈ. ઔર સ્વાનુભૂતિમેં અનુપમ આનંદ આદિ પર્યાયકા વેદન હોતા હૈ. જૈસા સિદ્ધભગવાનકા આનંદ હૈ ઐસા આંશિક આનંદ સમ્યગ્દષ્ટિકો પ્રગટ હોતા હૈ ઔર સાથમેં વિકલ્પ ભી હોતા હૈ. અંશે આનંદ ગૃહસ્થાશ્રમમેં ભી રહતા હૈ. જ્ઞાનીને શ્રદ્ધા કર લિયા, ઐસે માત્ર શ્રદ્ધારૂપ વેદન નહિ હોતા, લેકિન પરિણમનરૂપ વેદન ભી હોતા હૈ.

❀ ઉદય આગળ કોઈ ઉપાય નથી. (ઉદયને કોઈ ટાળી શકતું નથી.) માટે શાંતિ રાખવી, સમાધાન કરવું.

મુનિને રોગ થયો. દેવે કહ્યું, તમારો રોગ મટાડી દઉં. તો મુનિરાજ કહે કે જે ઉદય આવવાનો હોય તે ભલે આવે. સનતકુમાર ચક્રવર્તી મુનિદશામાં આત્માની સાધના કરતા હતા ત્યારે તેમની જેવાને પણ રોગ આવ્યો હતો. તો, આ પંચમકાળના જીવો તો શું હિસાબમાં ? ઉદય આવે તેનો કોઈ ઉપાય નથી. એક જ ભાવના રાખવી કે એક આત્મા જ જોઈએ છે. જન્મ-મરણ કરતાં કરતાં અનંત ભવ કર્યા. હવે ભવનો અભાવ થાય એવી ભાવના કરવી. ચોથા કાળમાં પણ રોગ આવતા હતા. માટે ઉદય સામું જોવાનું છોડી દઈને પોતાના આત્માની સાધના કરી લેવી.

❀ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, છતાં જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તો પણ, પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે. પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે. ઊંડા સંસ્કાર અને તીવ્ર ભાવના હોય કે મારે આત્મા જ જોઈએ છે તો જીવ ગમે ત્યાં જાય તો પણ, પુરુષાર્થ પ્રગટ કરવાનો અવકાશ રહે છે.

❀ એક જ્ઞાયક જ મારે જોઈએ છે, બીજું કાંઈ મારે જોઈતું નથી એવી તીવ્ર ભાવના રહ્યા કરતી હોય તે ઊંડા સંસ્કાર છે. આનંદનું ધામ, એવો એક જ્ઞાયક આત્મા જ જોઈએ છે, વિકલ્પ આદિ કાંઈ જોઈતું નથી. એવી ઊંડી રુચિ જો અંતરમાં હોય, એટલે કે જ્ઞાયક વગર ચેન ન પડતું હોય તો ગમે ત્યાં સંસ્કાર સ્ફુર્યા વગર રહેતા નથી. એવા જીવને બહારનાં સાધનો મળી આવે છે, અને તેનો પુરુષાર્થ પોતાથી જાગી ઊઠે છે.

❀ નિમિત્તો મળી જાય. પોતાની ભાવના પ્રમાણે જગત તૈયાર જ હોય છે. ભાવના ઊંડી ન હોય તો વાત જુદી છે, પણ પોતાની ભાવના ઊંડી હોય તો નિમિત્તો તૈયાર હોય જ છે.

❀ અપેક્ષા સમજી લેવી, તેમાં કાંઈ મૂંઝવણ નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે. ભેદજ્ઞાન થવાથી અર્થાત્ સ્વમાં એકત્વ અને પરથી વિભક્ત તેવી ચૈતન્ય પરિણતિની ધારા પ્રગટ કરવાથી મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે. શુભાશુભ વિકલ્પ તે હું નથી, હું તેનાથી જુદો છું, હું તો ચૈતન્ય તત્ત્વ છું, એક ક્ષણ પૂરતો હું નથી, હું શાશ્વત દ્રવ્ય છું—આવી દ્રવ્યદૃષ્ટિમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ પણ આવતા નથી. જ્ઞાન બધું જાણે છે અને દૃષ્ટિ દ્રવ્યને વિષય કરે છે ત્યારે પરિણતિ સ્વ તરફ ઢળે છે. વિકલ્પ તોડીને સ્વાનુભૂતિ થાય–નિર્વિકલ્પ દશા થાય –તે મુક્તિનો માર્ગ છે. તેમાં મૂંઝવણનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

આ કઈ અપેક્ષાએ કહે છે તે જ્ઞાનમાં સમજી, દૃષ્ટિને મુખ્ય કરી, પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવી તે જ મુક્તિનો માર્ગ છે.

❀ અપેક્ષા સમજાતી નથી એટલે ક્યાં કઈ અપેક્ષા (છે અને કોને) મુખ્ય કરવી અને કઈ અપેક્ષા ગૌણ કરવી તે સમજાતું નથી, તેથી અપેક્ષામાં ને અપેક્ષામાં રોકાઈ જાય છે, પણ મુક્તિનો માર્ગ દ્રવ્યદૃષ્ટિથી થાય છે. મુક્તિના માર્ગે જવું હોય તો એમાં ને એમાં ગોથાં ખાવા કરતાં અપેક્ષા સમજી લેવી. આ અપેક્ષાએ ભિન્નતા કહી છે તે સમજીને સમાધાન કરવું. કોની મુખ્યતા ને કોની ગૌણતા કરવી અને શું આશય છે—તે એકાન્ત નહીં પકડતાં, શું વસ્તુસ્વરૂપ છે તે સમજી લેવું.

ચૈતન્ય દ્રવ્ય સામાન્ય છે તેમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ દૃષ્ટિ સ્વીકારતી નથી. જ્ઞાન બધું જાણે છે. દ્રવ્યમાં અનંત ગુણ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભરેલું તત્ત્વ છે. તેને ઓળખી લેવું ને દૃષ્ટિ એક સામાન્ય ઉપર કરવી. વિકલ્પ તોડીને, શુભાશુભ વિકલ્પજાળથી જુદું નિર્વિકલ્પ તત્ત્વ છે તેને ઓળખીને સ્વાનુભૂતિના માર્ગે જવું.

❀ ભેદ ઉપર દૃષ્ટિ આપવાથી વિકલ્પ ઊઠશે, માટે ભેદ ઉપરથી દૃષ્ટિને ઉઠાવી લે. પણ તેથી કરીને દ્રવ્યમાં ગુણ નથી અને પર્યાય પણ નથી એવો તેનો અર્થ નથી. દ્રવ્યમાં જો ગુણ-પર્યાય ન હોય તો વેદન કોનું ? સ્વાનુભૂતિ કોની ? જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણ કોના ? દ્રવ્ય ભેદને સ્પર્શતું નથી માટે દ્રવ્યમાં કાંઈ છે જ નહીં એમ માને તો દ્રવ્ય એકલું સામાન્ય—કૂટસ્થ—શૂન્ય છે તેમ તેનો અર્થ થઈ જાય. કઈ અપેક્ષાએ કહ્યું છે તે સમજવું જોઈએ. દૃષ્ટિના બળથી આગળ જવાય છે પણ તેથી દ્રવ્યમાં કાંઈ છે જ નહીં એવો અર્થ નથી.

સિદ્ધ ભગવાન પણ અનંત ગુણની અનંત પર્યાયમાં બિરાજે છે, તેમને અનંતી પર્યાયો સમયે—સમયે પ્રગટ્યા કરે છે, અગુરુલઘુરૂપે પણ પરિણમી રહ્યા છે, તેવો જ વસ્તુનો સ્વભાવ છે. પણ તું ભેદ ઉપર દૃષ્ટિ ન કર. ગુણભેદમાં રોકાવાથી તું આગળ નહીં જઈ શકે, તેથી એક સામાન્ય મૂળ વસ્તુના અસ્તિત્વ ઉપર લક્ષ કર તેમ કહે છે. જો બધું કાઢી નાખીશ તો તત્ત્વ શૂન્યાકાર થઈ જશે, પણ એવું વસ્તુનું સ્વરૂપ નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ તત્ત્વ છે. ''ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્'' તેવું દ્રવ્યનું સ્વરૂપ છે.

❀ પુરુષાર્થ કરતો નથી. ભાવના છે પણ સ્વભાવરૂપે પરિણમીને આગળ જવું જોઈએ તેમ જતો નથી, પોતે તે રૂપે પરિણમન કરવું જોઈએ. જ્ઞાતાધારા પ્રગટ કરી, કર્તાબુદ્ધિ છોડી જ્ઞાયકરૂપે પરિણમે તો આનંદ પ્રગટે; પણ જ્ઞાયકરૂપે પરિણમતો નથી.

એકત્વબુદ્ધિ વિભાવ સાથે છે તો પછી આનંદરૂપે ક્યાંથી પરિણમે? ભાવના હોય, પણ ભાવના પ્રમાણે કાર્ય કરતો નથી.

❀ જ્ઞાનમાં બધા ભેદને જાણવા, પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર કરવી અને સ્વમાં એકત્વબુદ્ધિ કરીને પરથી વિભક્ત થવું. હું એક ચૈતન્ય તત્ત્વ છું તે જાણી લેવું. અનંત ગુણ-પર્યાયોના અનંત ભેદો છે, તેની ઝાઝી અપેક્ષામાં ન રોકાતાં, મૂળ તત્ત્વને ગ્રહણ કરી લેવું કે મારું અસ્તિત્વ જ્ઞાયકરૂપે છે.

❀ હા, કોઈથી એકાંત પકડાઈ જાય છે. પર્યાયને જુદી માનવી કે ભેગી માનવી? એમ રોકાઈ-મૂંઝાઈ જાય છે.

દ્રવ્યદૃષ્ટિના જોરમાં શુદ્ધ પર્યાય પ્રગટ થતાં તે ભેગી છે કે જુદી છે તે તેના જ્ઞાનમાં સમજાઈ જશે, યથાર્થ પરિણતિમાં તે આવી જાય છે. પર્યાયનું વેદન થાય છે. તેથી સમજાઈ જશે કે તે સર્વથા જુદી નથી. આખું દ્રવ્ય સામાન્ય છે અને પર્યાય નવી પ્રગટ થાય છે ને વ્યય થાય છે તેવો તેનો ક્ષણિક સ્વભાવ છે. પણ તે સર્વથા જુદી નથી તેમ અપેક્ષાથી સમજવું. દ્રવ્યની જેમ પર્યાય શાશ્વત નથી, નવી નવી ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે. વળી જે વેદન થાય છે તે દ્રવ્યની જ પર્યાય છે, પણ તે ક્ષણ પૂરતી છે.

❀ અંતરમાં જ્ઞાયકનું લક્ષ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા. જ્ઞાયકની સમીપતામાં જીવન ગાળવું, તે એક જ ધ્યેય રાખવા જેવું છે.

આત્મા અને આસ્રવોનો ભેદ કરવાનો છે. આસ્રવો આકુળતારૂપ છે અને ભગવાન આત્મા નિરાકુળ સ્વભાવ છે. ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે તેને જુદો પાડવો તે કરવાનું છે. ચૈતન્ય છે તે પોતે જાણક—જ્ઞાયકસ્વભાવ છે. વિભાવભાવ વિપરીત ભાવ છે, વિભાવ દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે. દુઃખનું કાર્ય તેમાંથી આવે છે, બધું દુઃખનું ફળ તેમાંથી આવે છે. આત્મા સુખનું ધામ છે—સુખનું કારણ છે, સુખનું કાર્ય તેમાંથી આવે છે, બધું સુખ આત્મામાંથી આવે છે. વિભાવ પોતે પોતાને જાણતો નથી, અને પરને પણ જાણતો નથી, આત્મા પોતાને જાણે છે, સ્વ-પર પ્રકાશક છે,—બધાને જાણનારો છે. આ રીતે જ્ઞાયકસ્વભાવી આત્મા અને આશ્રવો વચ્ચે ભેદજ્ઞાન કરવું તે જીવનું કર્તવ્ય છે.

''અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે.''

જ્ઞાયક આત્માને જાણ્યો ક્યારે કહેવાય? કે -આસ્રવોથી (વિભાવથી) નિવૃત્તિ થાય અને સ્વભાવમાં પરિણતિ થાય. સમયસારમાં આવે છે તે કહું છું કે બધાએ આ કરવા જેવું છે, આનંદઘન આત્માને પ્રગટ કરવાનો છે. આત્મા આનંદ-જ્ઞાન આદિ અનંત ગુણોથી ભરેલો છે. તેની પરિણતિ પ્રગટ કરવી અને વિભાવથી નિવૃત્ત થવું તે કરવાનું છે. અંદરથી પરિણતિ પ્રગટ થઈ ક્યારે કહેવાય? કે વિભાવથી નિવૃત્ત થાય ત્યારે. વિભાવથી નિવૃત્તિ થઈ ક્યારે કહેવાય? કે સ્વભાવમાં પ્રવૃત્તિ થાય ત્યારે. સ્વભાવનું વેદન થાય તો વિભાવથી નિવૃત્તિ થઈ, વિભાવથી ભેદજ્ઞાન થયું એમ કહી શકાય.

આસ્રવો મલિન છે, આત્મા પવિત્ર ને ઉજ્જ્વળ છે—ઉજ્જ્વળતા, ને પાવનતાથી ભરેલા આત્માને પ્રગટ કરવા જેવો છે, તેનું ધ્યેય રાખવા જેવું છે. તેનું લક્ષ અને તે તરફ પરિણતિ કરવી.

આત્માનો અને વિભાવનો સ્વભાવ ઓળખીને, તેના ભેદ પાડીને, સ્વમાં એકત્વબુદ્ધિ અને પરથી વિભક્તબુદ્ધિ કરવા જેવી છે.

પરનું હું કરી શકું છું અને પર મારું કાર્ય છે એવી કર્તા-કર્મની પ્રવૃત્તિમાં અનાદિથી પોતાને ભૂલી ગયો છે. પણ સ્વભાવનું પરિણમન કરનારો તે હું અને સ્વભાવ મારું કાર્ય એમ પરિણતિ પ્રગટ થાય તે મુક્તિનું કારણ છે. આત્મા જ્ઞાનનું ધામ—સુખનું ધામ છે તેવી પરિણતિ પ્રગટ કરવી.

પરદ્રવ્યનો આશ્રય (અને લક્ષ) તે આશ્રવ છે, તે પરાશ્રયભાવ છે. સાધકને શુભ ભાવ વચ્ચે આવે છે, ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય હોય છે, પણ ચૈતન્યના આશ્રયપૂર્વક—ધ્યેયપૂર્વક હોય છે. ચૈતન્યનો પોતાનો આશ્રય—તે ખરો આશ્રય છે, તે સ્વાધીનતા છે અને દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય પણ પરાધીનતા છે. આત્માનું સાન્નિધ્ય પ્રગટ થાય તેવી પરિણતિ પ્રગટ કરવાની છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું સાન્નિધ્ય તો મળ્યું પણ અંતરનું સાન્નિધ્ય કેમ પ્રગટ થાય તે કરવા જેવું છે, તેની જ સમીપતા, તેની જ અદ્‌ભુતતા લાવવા જેવી છે. કોઈ પરપદાર્થ અદ્‌ભુતતારૂપે કે આશ્ચર્યરૂપે નથી, એક માત્ર સુખનું કારણ એવો આત્મા અદ્‌ભુત અને આશ્ચર્યકારી તત્ત્વ છે, તેનું આશ્ચર્ય કરવા જેવું છે. જ્ઞાયકના ધ્યેયપૂર્વકનું જીવન તે ખરું જીવન છે.

ગુરુદેવ કોઈ અદ્‌ભુત હતા. પંચમકાળના જીવોના મહાભાગ્ય કે તેમની વાણી અને એવા ગુરુદેવ મળ્યા.

❀ સ્વભાવને પ્રયત્ન કરીને ગ્રહણ કરવો. ‘‘પ્રજ્ઞાથી જુદો કરવો અને પ્રજ્ઞાથી ગ્રહણ કરવો’’ આમ શાસ્ત્રમાં આવે છે અને ગુરુદેવ પણ એમ જ કહેતા હતા.

વિકલ્પનું જોર વધે તો, તેની સામે પોતાનું જોર વધારવું. ચૈતન્યની પરિણતિનું જોર વધે તો વિકલ્પનું જોર તૂટે. પોતે પોતાના સ્વભાવને ગ્રહણ કરવો. પ્રજ્ઞાથી જુદો કરવો, પ્રજ્ઞાથી ગ્રહવો તે પોતાના હાથની વાત છે. વિકલ્પનું જોર વધે તેની સામું ન જોતાં સ્વભાવનું જોર વધારવું. વારંવાર આ જ અભ્યાસ કર્યા કરવો, તેમાં થાકવું નહિ.

❀ પહેલા વિકલ્પથી ભેદ કરવો. પછી જ્યારે ચૈતન્ય તરફ તેની પરિણતિનું જોર આવે, તેના તરફ જ તેની તમન્ના, લગની લાગે અને વિકલ્પમાં આકુળતા લાગે—ચેન પડે નહીં તો વિકલ્પ તૂટે. સ્વ તરફની દૃષ્ટિનું જોર થાય, પરિણતિની દોડ થાય અને પુરુષાર્થનું બળ થાય તો તે તરફ જાય. જ્યાં સુધી બહાર એકત્વબુદ્ધિમાં અટક્યા કરે,—ભલે બુદ્ધિમાં તત્ત્વને ગ્રહણ કર્યું હોય પણ એકત્વબુદ્ધિમાં અટકે—ત્યાં સુધી વિકલ્પ તૂટે નહિ. પોતામાં એકત્વબુદ્ધિ અને પોતાના સ્વભાવનું જોર થાય તો વિકલ્પ તૂટે.

❀ ક્ષણે ક્ષણે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ પુરુષાર્થની ઉગ્રતા કરવી. તે એકવાર કરવાથી ન થાય, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, બેસતાં-ઊઠતાં, અને સૂતાં-સ્વપ્નમાં પણ હું જ્ઞાયક છું—એવી ભેદજ્ઞાનની ઉગ્રતા કરે તો થાય. જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય અને ન થાય તો ટાઈમ લાગે. તેણે નિરંતર એવો અભ્યાસ કરવો જોઈએ કે હું જ્ઞાતા-જ્ઞાતા-જ્ઞાતા જ છું, જ્ઞાતા જ અંદર પોતાની પરિણતિમાં ગૂંથાઈ જવો જોઈએ. જેમ શરીર અને વિકલ્પ સાથે એકમેકપણું થઈ ગયું છે તેમ વર્તમાનમાં આત્મા એકમેક ઘૂંટાઈ જવો જોઈએ, ત્યારે પ્રાપ્ત થાય.

❀ વ્યવહારની રુચિ એટલે કે તેમાં જ રોકાઈ રહેવું ન જોઈએ. તે વચ્ચે આવે છે, પણ તેની દૃષ્ટિ આગળ જવાની હોવી જોઈએ.

આચાર્યદેવ કહે છે કે અમે તને ત્રીજી ભૂમિકામાં—અમૃતકુંભની ભૂમિકામાં—જવાનું કહીએ છીએ ત્યાં નીચે નીચે ન પડ. અમે શુદ્ધની ભૂમિકામાં જવાનું કહીએ છીએ, શુભ છોડી અશુભમાં જવાનું કહેતાં નથી. ઊંચે ઊંચે શુદ્ધની ભૂમિકામાં જવાનું કહીએ છીએ તેમાં આ શુભભાવ આવે, પણ તેને સર્વસ્વ માની લેવું નહિ. શુદ્ધ ભૂમિકા કેમ પ્રગટે, અમૃતકુંભ ભૂમિકા કેમ પ્રગટે એમ દૃષ્ટિ ત્યાં હોવી જોઈએ, રુચિ ત્યાં હોવી જોઈએ ને વચ્ચે આ બધો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી.

# ✽ ઉપાદાન–નિમિત્તની સ્વતંત્રતા ✽

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું વ્યાખ્યાન
ભાદરવા વદ ૧, વીર સંવત ૨૪૭૩
[ગતાંકથી ચાલુ]

## ૩૮. ઉદાસીન નિમિત્ત અને પ્રેરક નિમિત્ત.

પ્રશ્ન :—નિમિત્તના બે પ્રકાર છે : એક ઉદાસીન અને બીજું પ્રેરક. તેમાંથી ઉદાસીન નિમિત્ત તો કાંઈ ન કરે, પરંતુ પ્રેરક નિમિત્ત તો ઉપાદાનને કાંઈક પ્રેરણા કરેને ?

ઉત્તર :—નિમિત્તના જુદા જુદા પ્રકાર ઓળખાવવા માટે એ બે ભેદ છે, પરંતુ તેમાંથી કોઈ પણ નિમિત્ત ઉપાદાનમાં કાંઈ જ કરતું નથી, કે નિમિત્તના કારણે ઉપાદાનમાં કાંઈ વિલક્ષણતા આવતી નથી. પ્રેરક નિમિત્ત પણ પ્રેરણા કરતું નથી. બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે.

પ્રશ્ન :—પ્રેરક નિમિત્ત અને ઉદાસીન નિમિત્તની વ્યાખ્યા શી છે ?

ઉત્તર :—ઉપાદાનની અપેક્ષાએ તો બંને પર છે, અકિંચિત્કર છે, તેથી બંને સરખા છે. નિમિત્તની અપેક્ષાએ બે ભેદ છે. જે નિમિત્ત પોતે ઈચ્છાવાળું કે ગતિમાન હોય તેને પ્રેરક નિમિત્ત કહેવાય છે અને જે નિમિત્ત પોતે ઈચ્છા વગરનું કે સ્થિર હોય તેને ઉદાસીન નિમિત્ત કહેવાય છે. ઈચ્છાવાળો જીવ અને ગતિમાન અજીવ પ્રેરક નિમિત્ત છે તથા ઈચ્છા વગરનો જીવ અને ગતિ વગરના અજીવ ઉદાસીન નિમિત્ત છે, પરંતુ બંને પ્રકારના નિમિત્તો પરમાં બિલકુલ કાર્ય કરતા નથી. ઘડો થાય તેમાં કુંભાર અને ચાક પ્રેરક નિમિત્ત છે અને ધર્માસ્તિકાય વગેરે ઉદાસીન નિમિત્ત છે.

મહાવીર ભગવાનના સમવસરણમાં ગૌતમ ગણધર આવવાથી દિવ્યધ્વનિ છૂટ્યો અને પહેલાં છાસઠ દિવસ સુધી તેમના ન આવવાથી દિવ્યધ્વનિ અટક્યો હતો એ વાત સાચી નથી. વાણીના પરમાણુઓમાં જે સમયે વાણીરૂપે પરિણમવાની લાયકાત હતી તે સમયે જ તેઓ વાણીરૂપે પરિણમ્યા હતા અને તે વખતે જ ગણધરદેવ આવ્યા હતા. પણ ગણધરદેવ આવ્યા માટે વાણી છૂટી એમ નથી. ગણધર જે સમયે આવ્યા તે સમયે જ તેમની આવવાની લાયકાત હતી અને તે સમયે જ વાણી છૂટવાની પણ લાયકાત હતી. એવો જ સહજ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, તેથી ગૌતમ ગણધર ન આવ્યા હોત તો વાણી ન છૂટતને ? એવા તર્કને અવકાશ જ નથી.

## ૩૯. નિમિત્ત ન હોય તો....?

'કાર્ય થવાનું હોય પણ નિમિત્ત ન હોય તો...?' એમ શંકા કરનારની સામે જ્ઞાનીઓ પૂછે છે કે 'હે ભાઈ, તું જીવ જ આ જગતમાં ન હોત તો? અથવા તો તું અજીવ હોત તો?' શંકાકાર ઉત્તર આપે છે કે 'હું સ્વભાવથી જ જીવ છું, તેથી તેમાં બીજા તર્કને સ્થાન નથી.' તો જ્ઞાનીઓ કહે છે કે 'જેમ તું સ્વભાવથી જ જીવ છો તેથી તેમાં બીજા તર્કને સ્થાન નથી, તેમ જ્યારે ઉપાદાનમાં કાર્ય થાય છે ત્યારે નિમિત્ત હોય જ છે. એવો જ ઉપાદાન–નિમિત્તનો સ્વભાવ છે, તેથી તેમાં બીજા તર્કને અવકાશ નથી.'

## ૪૦. કમળમાં ખીલવાની લાયકાત હોય પણ સૂર્ય ન ઊગે તો....?

કમળનું ખીલવું અને સૂર્યનું ઊગવું તે બંનેનો સહજ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. પણ સૂર્ય ઊગ્યો તે કારણે કમળ ખીલ્યું નથી. કમળ પોતાના તે સમયના પર્યાયની ખીલવાની લાયકાતથી ખીલ્યું છે.

પ્રશ્ન :—સૂર્ય ન ઊગે તો કમળ ન ખીલેને ?

ઉત્તર :—કાર્ય થવાનું હોય પણ નિમિત્ત ન હોય તો ? એના જેવો આ પ્રશ્ન છે. તેનું સમાધાન ઉપરની યુક્તિ પ્રમાણે સમજી લેવું. જ્યારે કમળમાં ખીલવાની લાયકાત હોય ત્યારે સૂર્યમાં પણ પોતાના જ કારણે ઊગવાની લાયકાત હોય, એવો જ સ્વભાવ છે. કમળમાં ખીલવાની લાયકાત હોય અને સૂર્યમાં ઊગવાની લાયકાત ન હોય એમ કદી બને જ નહિ, છતાં સૂર્ય ઊગે છે તેના નિમિત્તથી કમળ ખીલતું નથી અને કમળ ખીલવાનું છે માટે સૂર્ય ઊગે છે એમ પણ નથી.

## ૪૧. જ્યારે સૂર્ય ઊગે છે ત્યારે જ કમળ ખીલે છે તેનું શું કારણ ?

પ્રશ્ન :—જો સૂર્યના ઊગવાના નિમિત્તથી કમળ ન ખીલતું હોય તો, 'જો સૂર્ય છ વાગે ઊગે તો કમળ પણ છ વાગે ખીલે, ને સૂર્ય સાત વાગે ઊગે તો કમળ પણ સાત વાગે ખીલે' એમ થવાનું શું કારણ ?

ઉત્તર :—સૂર્ય ઊગે છે તે વખતે જ કમળમાં ખીલવાની લાયકાત છે, તેથી ત્યારે જ તે ખીલે છે. તે પહેલાં તેના પોતામાં જ ખીલવાની લાયકાત ન હતી, પણ બિડાઈ રહેવાની જ લાયકાત હતી. **એક સમયે પર્યાયમાં બે વિરુદ્ધ પ્રકારની લાયકાત તો હોઈ શકે નહિ.** [પાણીમાં એક સમયે પર્યાયમાં ઉષ્ણ થવાની ને શીતળ થવાની બે વિરુદ્ધ પ્રકારની લાયકાત હોઈ શકે નહીં; તેથી જેવું નિમિત્ત આવે તેવું પરિણમે—અગ્નિ આવે તો ઉષ્ણ અને રેફ્રીજરેટર આવે તો શીતળ પરિણમે—એમ થવું અસંભવ છે.]

### ૪૨. સ્વતંત્રતા જૈનદર્શનનું મૂળ રહસ્ય છે.

અહો, સ્વતંત્ર નિરપેક્ષ વસ્તુસ્વભાવ છે. એ સ્વભાવને જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી જીવને પરના કરવાપણાના અહંકારથી સાચી ઉદાસીનતા આવે નહિ, તેથી તે વિકારનો ધણી મટે નહિ અને પોતાના પર્યાયનો ધણી(—આધાર) જે આત્મસ્વભાવ છે તેની દૃષ્ટિ થાય નહિ. આ સ્વતંત્રતા જૈનદર્શનનું મૂળ રહસ્ય છે.

### ૪૩. એક પરમાણુની સ્વતંત્ર તાકાત.

દરેક જીવ તેમ જ અજીવ દ્રવ્યોનો પર્યાય સ્વતંત્રપણે પોતાથી થાય છે. એક પરમાણુ પણ પોતાની જ શક્તિથી પરિણમે છે, તેમાં નિમિત્તનું શું પ્રયોજન છે? એક પરમાણુ પહેલાં સમયે કાળો હોય અને બીજા સમયે ધોળો થઈ જાય, તેમ જ પહેલાં સમયે એક અંશ કાળો હોય ને બીજા સમયે અનંતગુણો કાળો થઈ જાય. તેમાં નિમિત્ત કોને કહેશો? તે પોતાની તેવી યોગ્યતાથી જ સ્વયં પરિણમી જાય છે.

### ૪૪. ઈન્દ્રિયો અને જ્ઞાનનું સ્વતંત્ર પરિણમન. નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું સ્વરૂપ.

જડ ઈન્દ્રિયો છે માટે આત્માને જ્ઞાન થાય છે એ વાત જુઠી છે. આત્માનો ત્રિકાળી સામાન્ય જ્ઞાનસ્વભાવ પોતાને કારણે સમયે સમયે પરિણમે છે અને જે પર્યાયમાં જેટલી લાયકાત હોય તેટલો જ્ઞાનનો ઉઘાડ થાય છે. પાંચ ઈંદ્રિય સંબંધી જ્ઞાનનો ઉઘાડ છે માટે પાંચ બાહ્ય ઈન્દ્રિયો છે એમ નથી અને પાંચ બાહ્ય ઈન્દ્રિયો છે માટે પાંચ ઈન્દ્રિય સંબંધી જ્ઞાનનો ઉઘાડ છે એમ પણ નથી. જ્ઞાનના પર્યાયમાં જેટલી લાયકાત હતી તેટલો ઉઘાડ થયો છે અને જે પરમાણુઓમાં ઈન્દ્રિયોરૂપે થવાની લાયકાત હતી તેઓ સ્વયં ઈન્દ્રિયોરૂપે પરિણમ્યા છે. છતાં બંનેનો નિમિત્ત–નૈમિત્તિક મેળ છે. જે જીવને એક ઈન્દ્રિયના જ્ઞાનનો ઉઘાડ હોય તેને એક જ ઈન્દ્રિય હોય છે, તેવી રીતે બે ઈંદ્રિયના જ્ઞાનના ઉઘાડવાળાને બે ઈંદ્રિયો, ત્રણ ઈંદ્રિયના જ્ઞાનના ઉઘાડવાળાને ત્રણ ઈંદ્રિયો, ચાર ઈંદ્રિયના જ્ઞાનના ઉઘાડવાળાને ચાર ઈંદ્રિયો અને પાંચ ઈન્દ્રિયના જ્ઞાનના ઉઘાડવાળાને પાંચ ઈન્દ્રિયો જ હોય છે. ત્યાં બંનેનું સ્વતંત્ર પરિણમન છે, એકના કારણે બીજામાં કાંઈ થતું નથી. આને જ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ કહેવાય છે.

### ૪૫. રાગ–દ્વેષનું કારણ કોણ? સમ્યગ્દૃષ્ટિને રાગ–દ્વેષ કેમ થાય છે?

પ્રશ્ન :—જો કર્મ આત્માને વિકાર ન કરાવતાં હોય તો, આત્મામાં વિકાર થાય છે તેનું કારણ કોણ છે? સમ્યગ્દૃષ્ટિ જીવોને તો વિકાર કરવાની ભાવના હોતી નથી, છતાં તેમને પણ વિકાર તો થાય છે. માટે કર્મ વિકાર કરાવે છેને?

ઉત્તર :—કર્મ આત્માને વિકાર કરાવે છે એ વાત ખોટી છે. આત્માને પોતાના પર્યાયના દોષથી જ વિકાર થાય છે. કર્મ વિકાર કરાવતું નથી પણ આત્માના પર્યાયની તેવી યોગ્યતાથી વિકાર થાય છે. સમ્યગ્દૃષ્ટિને રાગ–દ્વેષ કરવાની ભાવના નથી છતાં રાગ–દ્વેષ થાય છે તેનું કારણ ચારિત્ર ગુણના પર્યાયની તેવી લાયકાત છે. સમ્યગ્દૃષ્ટિને રાગ–દ્વેષની ભાવના નથી તે તો શ્રદ્ધા ગુણનો પર્યાય છે અને રાગ–દ્વેષ થાય છે તે ચારિત્ર ગુણનો પર્યાય છે. પુરુષાર્થની નબળાઈથી રાગ–દ્વેષ થાય છે એમ કહેવું તે પણ નિમિત્તથી કથન છે. ખરેખર તો, ચારિત્ર ગુણની જ તે સમયની તેવી યોગ્યતાને લીધે જ રાગ–દ્વેષ થાય છે.

**૪૬. સમ્યક્ નિર્ણયનું જોર.**

પ્રશ્ન :—જીવને વિકાર થાય છે તે ચારિત્ર ગુણના પર્યાયની જ તેવી લાયકાતથી છે એમ જો હોય, તો પછી જ્યાં સુધી ચારિત્ર ગુણના પર્યાયમાં વિકાર થવાની લાયકાત હોય ત્યાં સુધી વિકાર થયા જ કરે અને એમ થતાં વિકારને ટાળવાનું જીવને આધીન રહ્યું નહિ ?

ઉત્તર :—એકેક સમયના પર્યાયની સ્વતંત્ર લાયકાત છે એવો નિર્ણય ક્યા જ્ઞાનમાં કર્યો ? ત્રિકાળી સ્વભાવ તરફ ઢળ્યા વગર જ્ઞાનમાં એકેક સમયના પર્યાયની સ્વતંત્ર લાયકાતનો નિર્ણય થઈ શકે નહિ. અને જ્યાં જ્ઞાન ત્રિકાળી સ્વભાવમાં ઢળ્યું ત્યાં સ્વભાવની પ્રતીતિના જોરે પર્યાયમાં રાગ–દ્વેષ થવાની લાયકાત ક્ષણે ક્ષણે ઘટતી જ જાય છે. જેણે સ્વભાવનો નિર્ણય કર્યો તેના પર્યાયમાં લાંબો કાળ રાગ–દ્વેષ રહે એવી લાયકાત હોય જ નહિ, એવું જ સમ્યક્ નિર્ણયનું જોર છે.

**૪૭. કાર્યમાં નિમિત્ત કાંઈ કરતું નથી છતાં તેને કારણ કેમ કહ્યું ?**

કાર્યના બે કારણો કહેવામાં આવ્યા છે. તેમાં એક ઉપાદાન કારણ છે તે જ યથાર્થ કારણ છે. બીજું નિમિત્ત કારણ છે તે આરોપિત કારણ છે. ઉપાદાન અને નિમિત્ત એ બે કારણો કહેવાનો આશય એવો નથી કે, બંને ભેગા થઈને કાર્ય કરે છે. જ્યારે ઉપાદાન કારણ પોતે કાર્ય કરે છે ત્યારે બીજી ચીજને આરોપ કરીને નિમિત્ત કારણ કહેવાય છે, પણ તે ખરેખર કારણ નથી.

પ્રશ્ન :—નિમિત્ત ખરેખર કારણ નથી છતાં તેને કારણ કેમ કહ્યું ?

ઉત્તર :—જેને નિમિત્ત કહેવાય છે તે પદાર્થમાં તેવા પ્રકારની (નિમિત્તરૂપ હોવાની) લાયકાત છે, તેથી અન્ય પદાર્થોથી તેને જુદું ઓળખાવવા માટે 'નિમિત્ત કારણ' એવી સંજ્ઞા આપી છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ–પરપ્રકાશક છે તેથી તે પરને

પણ જાણે છે અને પરમાં નિમિત્તપણાની લાયકાત છે તેને પણ જાણે છે.

**૪૮. કર્મના ઉદયને લીધે જીવને વિકાર થતો નથી.**

જીવના પર્યાયમાં જ્યારે વિકાર થાય ત્યારે કર્મ નિમિત્ત તરીકે હોય જ પણ જીવનો પર્યાય અને કર્મ એ બંને ભેગા થઈને વિકાર કરતાં નથી. કર્મના ઉદયને લીધે વિકાર થતો નથી અને વિકાર કર્યો માટે કર્મો ઉદયમાં આવ્યા એમ પણ નથી. જીવ વિકાર ન કરે ત્યારે કર્મો ખરી જાય તેને નિમિત્ત કહેવાય છે, પરંતુ જીવે વિકાર ન કર્યો માટે કર્મો ખર્યાં એ વાત બરાબર નથી. તે પરમાણુઓની લાયકાત જ તેવી હતી.

જે દ્રવ્યની જે સમયે, જે ક્ષેત્રે, જેવા સંયોગોમાં, જે રીતે અને જેવી અવસ્થા થવાની હોય, તે પ્રમાણે તેવી અવસ્થા થાય જ, તેમાં ફેર પડે જ નહિ—આવી શ્રદ્ધામાં તો વીતરાગદૃષ્ટિ થઈ જાય છે. તેમાં સ્વભાવની દૃઢતા ને સ્થિરતાની એકાગ્રતા છે તથા વિકારથી ઉદાસીનતા ને પરથી ભિન્નતા છે. તેમાં સમયે સમયે ભેદવિજ્ઞાનનું જ કાર્ય છે.

**૪૯. નૈમિત્તિકની વ્યાખ્યા.**

પ્રશ્ન :—નૈમિત્તિકનો અર્થ વ્યાકરણ પ્રમાણે તો 'નિમિત્તથી થાય તે' એવો થાય છે અને અહીં તો કહ્યું કે નિમિત્તથી નૈમિત્તિકમાં કાંઈ થતું નથી.

ઉત્તર :—'નિમિત્તથી થાય તે નૈમિત્તિક અર્થાત્ નિમિત્ત જનક છે અને નૈમિત્તિક જન્ય છે' એ વ્યાખ્યા વ્યવહારથી કહેવાય છે પણ ખરેખર નિમિત્તથી નૈમિત્તિક થતું નથી. ઉપાદાનનું કાર્ય તે નૈમિત્તિક છે અને જ્યારે નૈમિત્તિક કાર્ય થાય ત્યારે નિમિત્ત હાજર હોય જ છે, તેથી ઉપચારથી નિમિત્તને જનક પણ કહેવાય છે. વળી, નૈમિત્તિકનો અર્થ 'જેમાં નિમિત્તનો સંબંધ હોય એવું' એમ પણ થાય છે એટલે કે જ્યારે નૈમિત્તિક કાર્ય થાય ત્યારે નિમિત્ત પણ અવશ્ય હોય જ છે એટલો સંબંધ છે, પણ નિમિત્ત જો નૈમિત્તિકમાં કંઈ પણ કરે તો તેમને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ ન રહે પણ કર્તાકર્મ સંબંધ થઈ જાય.

**૫૦. 'નિમિત્તની ઉપેક્ષા કરવી ન જોઈએ પણ નિમિત્ત મેળવવા જોઈએ' એ માન્યતા મિથ્યા છે.**

પ્રશ્ન :—કોઈને પુત્ર થવાનો હતો પણ દસ વર્ષ સુધી વિષય ન ભોગવ્યો અર્થાત્ પુત્ર થવા માટેનું નિમિત્ત ન મેળવ્યું તેથી પુત્ર ન થયો. માટે આપણે નિમિત્તની ઉપેક્ષા કરવી ન જોઈએ પણ નિમિત્ત મેળવવા જોઈએ, કેમ કે નિમિત્તના રસ્તે ઉપાદાનનું કાર્ય થાય છે—એ વાત બરાબર છે ?

ઉત્તર :—એ વાત મિથ્યા છે. હું નિમિત્ત મેળવું તો કાર્ય થાય એ વાત ખોટી છે, તેમાં એકલી નિમિત્તાધીન દૃષ્ટિ છે. નિમિત્ત ન હતું માટે કાર્ય અટકી ગયું અને હવે નિમિત્ત ભેગું કરું તો કાર્ય થાય એ વાત ત્રણકાળમાં સાચી નથી. કાર્ય થવાનું ન હોય ત્યારે નિમિત્ત પણ ન હોય અને જ્યારે કાર્ય થાય ત્યારે નિમિત્ત પણ હોય જ. આ અબાધિત નિયમ છે. પર નિમિત્તોને આત્મા મેળવી શકે એમ માનવું તે મિથ્યાત્વ છે.

એ રીતે, આત્માને પોતાના કાર્યમાં પરની અપેક્ષા નથી. છતાં 'આપણે નિમિત્તની ઉપેક્ષા કરવી ન જોઈએ' એમ કોઈ માને તો તે જીવ સદાય નિમિત્ત સામે જ જોયા કરશે. એટલે કે તેની દૃષ્ટિ સદાય પર ઉપર જ રહ્યા કરશે પણ પરની ઉપેક્ષા કરીને સ્વભાવનું નિર્મળ કાર્ય પ્રગટ કરશે નહિ. નિમિત્તના રસ્તે ઉપાદાનનું કાર્ય કદી થતું નથી, પણ ઉપાદાનની કાર્ય થવાની યોગ્યતાથી જ (ઉપાદાનના રસ્તે જ) તેનું કાર્ય થાય છે.

**૫૧. જિનશાસન નિમિત્તની ઉપેક્ષા કરવાનું કહે છે.**

નિમિત્તની ઉપેક્ષા ન કરવી એટલે કે પરદ્રવ્ય સાથેનો સંબંધ ન તોડવો એ વાત જિનશાસનથી વિરુદ્ધ છે. જિનશાસનનું પ્રયોજન પર સાથે સંબંધ કરાવવાનું નથી, પણ પર સાથેનો સંબંધ છોડાવીને વીતરાગભાવ પ્રગટ કરાવવાનું છે. બધાં સત્શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગભાવ છે અને તે વીતરાગભાવ સ્વભાવના લક્ષે બધા પરપદાર્થોથી ઉદાસીનતા કરવાથી જ થાય છે. કોઈ પણ પરલક્ષમાં અટકવું તે શાસ્ત્રનું પ્રયોજન નથી, કેમ કે પરના લક્ષે રાગ થાય છે. નિમિત્ત પણ પરદ્રવ્ય જ છે, તેથી નિમિત્તની અપેક્ષા છોડીને અર્થાત્ તેની ઉપેક્ષા કરીને પોતાના સ્વભાવની અપેક્ષા કરવી તે જ પ્રયોજન છે. 'નિમિત્તની ઉપેક્ષા કરવા જેવી નથી એટલે કે નિમિત્તનું લક્ષ છોડવા જેવું નથી' એવો અભિપ્રાય તો મિથ્યા છે અને એ મિથ્યા અભિપ્રાય છોડ્યા પછી પણ અસ્થિરતાને કારણે નિમિત્ત ઉપર લક્ષ જાય તે રાગનું કારણ છે. માટે પોતાના સ્વભાવના આશ્રયે નિમિત્ત વગેરે પરદ્રવ્યોની ઉપેક્ષા કરવી તે યથાર્થ છે.

**૫૨. મુમુક્ષુ જીવોએ આ વાત સમજવી જોઈએ.**

ઉપાદાન–નિમિત્ત સંબંધી આ વાત ખાસ પ્રયોજનભૂત છે. આ સમજ્યા વગર કદી પણ જીવને બે દ્રવ્યોની એક્તાબુદ્ધિ ટળે નહિ ને સ્વભાવની શ્રદ્ધા થાય નહિ. સ્વભાવની શ્રદ્ધા થયા વગર સ્વભાવમાં અભેદતા થાય નહિ, એટલે કે જીવનું કલ્યાણ થાય નહિ. આવો જ વસ્તુસ્વભાવ કેવળજ્ઞાનીઓએ જોયો છે અને સંતો–મુનિઓએ કહ્યો છે. જીવે કલ્યાણ કરવું હોય તો આ સમજવું પડશે.

*

[તા. ૧૨-૮-૨૦૦૩]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

## * પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ *

પ્રતિવર્ષ પૂજ્ય બહેનશ્રીના જન્મોત્સવ પર રાખવામાં આવતો 'પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ'નો પ્રારંભ તા. ૭-૮-૨૦૦૩, ગુરુવારથી થઈ ગયો છે. પુરુષો માટે ૨૦ દિવસ ચાલનાર આ શિક્ષણવર્ગનું સમાપન તા. ૨૬-૮-૨૦૦૩, મંગળવારના દિવસે થશે. ગુજરાતી શિક્ષણાર્થીઓ ઉપરાંત કેટલાક હિન્દીભાષી મુમુક્ષુ પણ શિક્ષણ લાભ માટે આવેલ છે અને પ્રતિદિન નવા નવા આવી રહ્યા છે. સવારે શ્રી પ્રવચનસાર (જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન) તથા સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક (સાતમો અધિકાર) પર શિક્ષણ આપવામાં આવે છે.

★ પૂજ્ય બહેનશ્રીની ૯૦મી જન્મજયંતી જે શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ-ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રૂઝ (મુંબઈ) તરફથી ઊજવવામાં આવી રહી છે, જેના વિસ્તૃત સમાચાર આગામી સપ્ટેમ્બરના અંકમાં આપવામાં આવશે.

**દશલક્ષણપર્યુષણપર્વ :—** ભાદરવા સુદ ૪, રવિવાર તા. ૩૧-૮-૨૦૦૩ થી ભાદરવા સુદ ૧૪, મંગળવાર, તા. ૯-૯-૨૦૦૩ સુધી દશ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ દશલક્ષણમંડલ-વિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઊજવવામાં આવશે. એ જ રીતે તા. ૮-૯-૨૦૦૩, સોમવારથી તા. ૧૦-૯-૨૦૦૩, બુધવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવવામાં આવશે.

**ઉત્તમ ક્ષમાવણીપર્વ :—** ભાદરવા વદ ૧, ગુરુવાર, તા. ૧૧-૯-૨૦૦૩ના દિને ક્ષમાવણી પર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

—આ રીતે પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી, સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાનની પવિત્ર ઉપાસના, જિનેન્દ્રપૂજાભક્તિ આદિ અનેકવિધ પ્રસન્ન વાતાવરણથી તથા વિભિન્ન યાત્રિઓના આગમનથી સદા હરીભરી રહે છે. આ બધો ભવ્યપ્રતાપ તેઓ બંને સંતોના ધર્મોપકારનો છે. અહો ! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનો ધર્મોપકારપ્રતાપ. *

# ✻ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર ✻

❀ (સમ્યક્ માટેનો અભ્યાસ ક્યાં સુધી કરવાનો ?)...ક્યાં સુધી કરવાનું શું ? આનું આ જ કરવાનું છે, બીજું કરવાનું જ શું છે ? આ જ કરવાનું છે. રાતના વખત મળે, સવારના વખત મળે તેમાં ધારણામાં દૃઢતા થઈ હોય એટલે ઘોલન ચાલ્યા જ કરે. આખો દિવસ આનું આ જ કરવાનું છે. નિવૃત્તિ જ છે ને ! બીજું શું કરવાનું છે ? ૨૮૫.

❀ શ્રોતા :–પ્રભુ ! અંતરમેં કૈસે જાના વો દિખાઓ ?

પૂજ્ય ગુરુદેવ :–અંદરમેં ઉતરે તબ અપને આત્માકી પ્રાપ્તિ હોતી હૈ. કહીં પરમેં મહિમા રહ જાતી હૈ—મિઠાસ રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં. પહલે પરકા માહાત્મ્ય ઘટના ચાહિયે તબ હી અંદરમેં જા સકતે હૈ. લેકિન અટકનેકા સ્થાન બહુત હૈ તો કહીં ન કહીં જીવ અટક જાતા હૈ. કોઈ સંયોગકી, રાગકી, ક્ષયોપશમકી, ઐસે ઐસે કોઈ વિષયકી અધિકતા રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં હૈ. ૨૮૬.

❀ અરે ભાઈ ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી ! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે ? આવું પરમાત્મપણુ સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે ? જરૂર પ્રગટ થાય જ. ૨૮૭.

❀ પર્યાય આડી-અવળી થાય એટલે એની વ્યાખ્યા શું ? મૂળ એને પુરુષાર્થ સૂઝતો નથી એટલે વાંધા આવે છે. ખરેખર તો પૂર્ણ પર્યાયે જાણ્યું છે એમ જ અહીં થાય છે–એમ નક્કી કરવા જાય ત્યાં પૂર્ણ પર્યાય જ્યાંથી નીકળી એવા શક્તિસ્વભાવ તરફ લક્ષ જાય છે ત્યાં હું પણ એવો જ સર્વજ્ઞ છું એમ પ્રતીત આવતાં જ આ વાત તેને બેઠી છે. ૨૮૮.

❀ પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ—એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલાં મોડાનો પ્રશ્ન જ કયાં છે ? ૨૮૯.

ફોન નં. (૦૨૮૪૬) ૨૪૪૩૩૪ "આત્મધર્મ" Regd. No. G.BV. 10

શુદ્ધાત્માને સમજવાનો મંત્ર મળ્યો છે તે પૂજ્ય ગુરુદેવ પાસેથી મળ્યો છે. કરવાનું તો પોતાને જ છે, બીજો કોઈ કરી દેતો નથી. ગુરુદેવે જે બતાવ્યું છે તે રૂપે પોતે પરિણમન કરે તો પ્રગટ થાય. માત્ર ઉપર ઉપરથી થતું નથી પણ અંતરના ઊંડાણમાં જઈને પ્રયત્ન કરે તો જ પ્રગટ થાય.

*—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન*

કહાન સં. ૨૩ સં. ૨૦૫૯ [૭૧૮] * આત્મધર્મ * [અંક-૨ વર્ષ-૬૦] વીર સં. ૨૫૨૯ ઓગસ્ટ-૨૦૦૩

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334

પ્રત : ૫૪૦૦